**Seat No. : ______________**

# DG-104

**December-2013**

## B.Ed. Sem.-I (CBCS)

## B-501 : ગુજરાતી

## (વિષયવસ્તુ અને વિષયપદ્ધતિ)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.

(2) પ્રશ્નની સામે દર્શાવેલા અંકો ગુણ દર્શાવે છે.

(3) બિનજરૂરી લખાણ ક્ષતિ લેખાશે.

1\. (અ) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **750** શબ્દોમાં લખો : **10**

(ક) 'ગોવિંદનું ખેતર' ટૂંકીવાર્તાને નવલિકાના લક્ષણોને આધારે મૂલવો.

(ખ) 'આપણા દુ:ખનું કેટલું જોર ?' કાવ્યનું ગીત કાવ્યને આધારે રસદર્શન કરાવો.

(બ) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **125** શબ્દોમાં લખો : **4**

(ક) 'સપરમે દહાડે સંકલ્પ' નિબંધમાં લેખકે કરેલા સંકલ્પોની યાદી લખો.

(ખ) 'કન્યા વિદાય' કાવ્યના પ્રતીકો તમારા શબ્દોમાં સમજાવો.

(ગ) ધૂમકેતુનો ગુજરાતી ભાષાના સાહિત્યકાર તરીકે પરિચય કરાવો.

2\. (અ) નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ **બે**ના ઉત્તર માંગ્યા પ્રમાણે લખો : **6**

(ક) સંધિ છોડો : નિશ્ચિત, સ્વચ્છંદ, સદ્‌ગુરુ, પુરુષોત્તમ, પુનર્લગ્ન, ભાવાંજલિ

(ખ) જોડણી સુધારો : આર્શિવાદ, વિદ્યાર્થીનિ, આર્યુવેદીક, અનૂકુલીત, ધારાસાસ્ત્રી, દશર્નિય

(ગ) નીચેના વિધાનોને કહ્યા પ્રમાણે રૂપાંતરિત કરી બતાવો :

(1) 'નસીબથી શું હાંસલ કરી શકાય છે ?' પ્રશ્ન વાક્યને વિધાન વાક્યમાં ફેરવો.

(2) 'કેટલી મનોરમ્ય સાંજ !' ઉદ્‌ગાર વાક્યને નિવેદક વાક્યમાં ફેરવો.

(3) 'રમાએ કંઈ જ કામ કર્યું નહીં.' કર્મણિ વિધાન બનાવો.

(બ) નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ **એક**નો ઉત્તર આશરે **500** શબ્દોમાં લખો : **8**

(ક) વિશેષણ એટલે શું ? તેના કોઈપણ ચાર પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

(ખ) સંયોજકો એટલે શું ? તેના કોઈપણ ચાર પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

3\. (અ) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **750** શબ્દોમાં લખો : **10**

(ક) કોઈપણ બે છંદોને તેના બંધારણ સહિત ઉદાહરણ આપી સમજાવો.

(ખ) કોઈપણ ત્રણ અર્થાલંકારની ઉદાહરણ સહિત સમજૂતી આપો.

(બ) નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ **એક**નો ઉત્તર માંગ્યા પ્રમાણે લખો : **4**

(ક) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરી બતાવો.

(1) કામમાં આત્મા રેડી દેવો

(2) છાતીના પાટિયાં બેસી જવા

(ખ) નીચેના વિધાનોમાંથી નિપાત માટે વપરાયેલ પદ અને તેનો પ્રકાર બંને ઓળખી બતાવો :

(1) સાહેબ બોલવા સિવાય કંઈ કરતા જ નથી.

(2) તમે તો મારી વાત માનશો ને !

(ગ) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

સમજવામાં થતી ભૂલ, આકાશ અને ધરતી મળે તે રેખા, ઉપકાર પર અપકાર કરનાર, લેખકે ધારણ કરેલું બીજું નામ

4. (અ) નીચેનામાંથી કોઈપણ **બે** પ્રશ્નોના ઉત્તર આશરે **125** શબ્દોમાં લખો : **6**

(ક) પ્રશ્નોત્તરી પદ્ધતિના અસરકારક ઉપયોગ માટેના સૂચનો જણાવો.

(ખ) કથન કૌશલ્યના વિકાસ માટે તમે કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવશો ?

(ગ) સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત જણાવો.

(બ) નીચેનામાંથી કોઈપણ **એક** પ્રશ્નનો ઉત્તર આશરે **500** શબ્દોમાં લખો : **8**

(ક) પ્રવર્તમાન સમયમાં માતૃભાષાનું મહત્ત્વ પુનઃપ્રસ્થાપિત કરવું જરૂરી છે તે અંગે તમારા વિચારો પ્રસ્તુત કરો.

(ખ) કોઈ એક ગદ્ય પાઠને ધ્યાનમાં રાખીને કથન-ચર્ચા પદ્ધતિનો ઉપયોગ કરીને એક સિમ્યુલેશન પાઠ અંતર્ગત શૈક્ષણિક મુદ્દા અને શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન લખો.

5. નીચે આપેલા વિધાનો માટે જણાવેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) તમે ચા લેશો કે કૉફી ? અહીં 'તમે' કયું પદ છે ?

(a) નિપાત (b) સર્વનામ

(c) સંયોજક (d) વિશેષણ

(2) 'વિદ્યાર્થીઓ ગોવિંદના પાત્રાલેખન વિશે રસપૂર્વક ચર્ચા કરે.' આ હેતુ કયા સામાન્ય હેતુને દર્શાવે છે ?

(a) કથન વિશે (b) શ્રવણ વિશે

(c) વાચન વિશે (d) લેખન વિશે

(3) 'હસ્ત' શબ્દના પર્યાયવાચી શબ્દો જણાવો.

(a) હાથો અને કાર (b) પાણી અને હાથ

(c) પાણિ અને કર (d) હાથ અને હથેળી

(4) મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યા ઉત્સવ. આ પંકિત કયા અલંકારનું ઉદાહરણ છે ?

(a) પ્રાસસાંકળી (b) વર્ણાનુપ્રાસ

(c) અંત્યાનુપ્રાસ (d) શબ્દાનુપ્રાસ

(5) 'ઉદાહરણો પરથી નિયમની તારવણી કરવી' તે કઈ પદ્ધતિની ઓળખ છે ?

(a) નિગમન પદ્ધતિ (b) આગમન પદ્ધતિ

(c) પ્રશ્નોત્તર પદ્ધતિ (d) વ્યાખ્યાન પદ્ધતિ

(6) 'સપરમે દહાડે સંકલ્પ' કૃતિના લેખક કોણ છે ?

(a) મધુસૂદન પારેખ (b) રમેશ પારેખ

(c) રાજેન્દ્ર પારેખ (d) અનિલ પારેખ

(7) જે સેવા કરે તે મેવા પામે ? આ વિધાનમાં સર્વનામના કયા પ્રકારનો ઉપયોગ થયો છે ?

(a) પુરુષવાચક (b) સાપેક્ષ

(c) પ્રશ્ન (d) દર્શક

(8) વિદ્યાર્થી બે અવાજો વચ્ચેના ભેદ પારખી શકે તો તે કયા કૌશલ્યનો વિકાસ કહેવાય ?

(a) મૂકવાચન (b) મુખવાચન

(c) શ્રવણ (d) કથન

(9) 'પ્રેરણા' શબ્દ માતૃભાષાના સંદર્ભમાં શું સૂચવે છે ?

(a) અસરકર્તા પરિબળો (b) મહત્ત્વ

(c) પ્રશંસા (d) ઉપેક્ષા

(10) 'ગતિશીલતા' કયા સાહિત્ય પ્રકારનું લક્ષણ છે ?

(a) નવલિકા (b) ઊર્મિકાવ્ય

(c) નિબંધ (d) સૉનેટ

(11) 'ઝાઝા હાથ રળિયામણા' કહેવતની સમાનાર્થી કહેવત નીચેનામાંથી કઈ છે ?

(a) એકથી ભલા ચાર (b) હાથના કર્યા હૈયે વાગ્યા

(c) ડુંગર દૂરથી રળિયામણા (d) ઝાઝી કીડીઓ સાપને તાણે

(12) 'ખપ' શબ્દના પર્યાયવાચી શબ્દો નીચેનામાંથી કયા છે ?

(a) ખાધ અને કાજ (b) ઉપયોગ અને જરૂર

(c) અવશ્યકતા અને કાર્ય (d) કામ અને સહકાર

(13) કઈ પદ્ધતિમાં અસરકારક કથન અભિવ્યક્તિનો તે પદ્ધતિની સફળતા પર સૌથી વધુ આધાર છે ?

(a) કથન-ચર્ચા (b) પ્રશ્નોત્તર

(c) આગમન (d) નિગમન

(14) નીચેનામાંથી પાઠ આયોજનનું પ્રથમ સોપાન કયું છે ?

(a) વિષય નિરૂપણ (b) વિષય વિવરણ

(c) વિષય પ્રવેશ (d) લેખક પરિચય

---